ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
આઝાદી કા અમૃત મહોત્સવ
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ:-1897/06/2023** **તા:22/06/2023**

## પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે વિસ્તારક યોજના સંદર્ભે પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીએ પત્રકાર પરિષદ યોજી.

## વિસ્તારક યોજના થકી 51,931 કાર્યકરો 182 બેઠકો ના તમામ બુથો પર ઘરે ઘરે જઇ પત્રિકા વિતરણ અને જનસંપર્ક કરી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના 9 વર્ષના કાર્યોના હિસાબની માહિતી આપશે. – શ્રી પ્રદિપસિંહ વાઘેલા

----

## તારીખ 23 જૂનના રોજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી તમામ વિસ્તારકોને એક સાથે વર્ચ્યૂઅલ માધ્યમથી માર્ગદર્શન આપશે. – શ્રી પ્રદિપસિંહ વાઘેલા

----

## વિસ્તારક યોજના થકી આટલુ મોટુ જન સંપર્ક અભિયાન વિશ્વમાં કોઇ રાજકીય પાર્ટીએ ક્યારેય નહી કર્યુ હોય. – શ્રી પ્રદિપસિંહ વાઘેલા

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, પ્રદેશ કાર્યાલયશ્રી કમલમ ખાતે પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીએ અલ્પકાલીન વિસ્તારક યોજના સંદર્ભે પ્રત્રકાર પરિષદ સંબોધી હતી જેમાં પ્રદેશના પ્રવકતાશ્રી યમલભાઇ વ્યાસ,પ્રદેશ સહ પ્રવકતાશ્રી ડો.રૂત્વીજ પટેલ,ડો. અનિલભાઇ પટેલ,પ્રદેશ મીડિયાના સહ કન્વીનરશ્રી ઝુબિન આશરા ઉપસ્થિત રહ્યા હતા.

મીડિયાને સંબોધતા પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીએ જણાવ્યું કે, કોંગ્રેસની સરકારમાં ભ્રષ્ટાચાર,મોંઘવારી,અસુરક્ષાથી ત્રાહિમામ પોકારી દેશની જનતાએ વર્ષ **2014**માં ભાજપ સરકારને સ્પષ્ટ બહુમત આપી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને વડાપ્રધાન તરીકેની

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

જવાબદારી સોંપી. વર્ષ 2014 થી 9 વર્ષના સમયગાળામાં વડાપ્રધાન તરીકે જે જે અપેક્ષાઓ અને વચનો આપ્યા તે પુર્ણ કર્યા છે. આજે દેશની જનતા નવી નવી આશા અને અપેક્ષા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પર રાખી રહ્યા છે. આજે વિશ્વના દેશો આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને જે સન્માન આપે છે તે પહેલા આપણે વિચારી પણ નોહતા શકતા. આજે દેશમા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પહેલા વડાપ્રધાન છે કે તેઓ જનતાને તેમના કામનો હિસાબ આપે છે. ગુજરાત ભાજપ પણ અલગ અલગ કાર્યક્રમો થકી જનતાને માહિતી આપી રહી છે તેના ભાગરૂપે ભાજપના 51,931 કાર્યકરો ત્રણ દિવસ માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરેલા કાર્યોની માહિતી ઘરે-ઘરે પહોંચાડવા માટે આવનાર 25,26,27 તારીખે પત્રિકા વેહંચી અને મુલાકાત કરી કામની માહીતી આપશે.આટલુ મોટુ જન સંપર્ક અભિયાન વિશ્વમાં કોઇ રાજકીય પાર્ટીએ ક્યારેય નહી કર્યું હોય.

શ્રી વાઘેલાજીએ વધુમાં જણાવ્યું હતુ કે, 23 જૂન ડો. શ્યામા પ્રસાદ મુખર્જી કે જેઓ જનસંઘના પહેલા અધ્યક્ષ અને ભાજપની વિચારધારાના સ્થાપક અધ્યક્ષ હતા તેમના બલિદાન દિવસ નિમિત્તે ગુજરાતના 182 વિધાનસભા પર કાર્યકરો વિસ્તારક યોજના માટે ભેગા થશે તેમજ સાંસદો-ધારાસભ્યો અને પાર્ટીના આગેવાનો ઉપસ્થિત રહશે જેમાં વર્ચ્યૂઅલ માધ્યમથી ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી વિસ્તારકોને માર્ગદર્શન આપશે.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)